# વડોદરા સમાચાર

## સરકારથી ન થાય તે દેશના લોકોએ કરી બતાવ્યું ચીનને વેપારમાં કરોડોનું નુકસાન !

દંભી દગાખોર ચીનને ભારત સરકાર ફટકો આપવામાં નિષ્ફળ રહી છે પરંતુ ભારતની પ્રજાએ ચીનને આર્થિક રીતે ઘણો મોટો ફટકો આપ્યો છે. ગત વર્ષથી ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું દેશભરમાં જાગૃત નાગરિકોએ અભિયાન શરૂ કર્યું હતું. જો કે ગત વર્ષે કોરોનાના કારણે લોકો દિવાળી પર્વ ધામધૂમથી ઉજવી શક્યા ન હતા. બીજી તરફ ભારત સાથે મિત્રતાનો દેખાડો કરીને ઉંદર નીતિથી ભારતની સરહદોમાં ઘૂસણખોરી કરવા લાગ્યુ તેમજ ભારતના કેટલાક પ્રદેશો પોતાનો હોવાનો દાવો કરી સરહદ પાસે વિવિધ કામગીરી શરૂ કરી દીધી. જ્યારે કે ચીન અરૂણાચલ પ્રદેશમાં ઘુસી ગયું હતું અને ભાજપના જ સાંસદ જાહેરમાં કહી રહ્યા હતા કે ચીને આપણી સરહદ વિસ્તારમાં ઘૂસણખોરી કરી છે. આ બધું છતાં ભારત સરકાર કહેતી રહી કે ચીને આપણી સરહદમાં ઘૂસણખોરી કરી જ નથી. તો અરૂણાચલ વિસ્તારમાં કેટલીક જમીન પચાવી પાડી એક ગામ ઊભુ કરી દેવા સાથે પોતાના નાગરિકોને ત્યાં વસાવી દીધા છે. જે બાબતમા ભારતે એક પણ હરફ ઉચાર્યોભ નથી. એટલે ભારતની પ્રજામાં આક્રોશ વ્યાપી ગયો છે. બીજી તરફ ચીની ઉત્પાદનો ભારતમાં વેપાર થઈ શકે છે કારણ કે ભારતના વૈશ્વિક વ્યાપાર કરારો છે. એટલે કે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર પણ ન કરી શકે. અને આ બાબતના જાગૃત નાગરિકોએ ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું એલાન જોરજોરથી ઉપાડ્યુ અને તેના પરિણામ પણ મળ્યા. દેશના લોકોએ દેશનાજ ઉત્પાદનો મોટા પ્રમાણમાં ખરીદ્યા અને એ રીતે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કર્યો જેના પરિણામ રૂપે ચીનને રૂપિયા ૫૦ હજાર કરોડથી વધુનું નુકસાન થયું છે. તેમ કોન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સનુ કહેવું છે. મતલબ કે ભારતની પ્રજાએ વેપાર ક્ષેત્રમાં ચીનને મોટો આર્થિક ફટકો આપ્યો છે તેમ કહેવું ખોટું નથી ! દેશ કોરોના મહામારીમાંથી બહાર આવતા સરકારે તમામ ક્ષેત્રના વેપાર, ઉદ્યોગો ધંધા, રોજગારને મહત્તમ છૂટછાટ આપી દીધી છે. જેને કારણે આમ પ્રજા બે વર્ષે નવરાત્રિ- દિવાળી જેવા પર્વો ઉજવી શક્યા છે. તેમાં ખાસ તો દેશભરમાં નવરાત્રી પહેલાથી લોકો ખરીદી માટે બજારમાં ઊમટી પડતા હોય છે. નવરાત્રી અગાઉ ખરીદી નીકળી પરંતુ તે ખરીદી મર્યાદિત રહી. પરંતુ દિવાળીમાં નોકરીયાત વર્ગોને પગાર, બોનસ, કૃષિ ઉત્પાદનની આવક ખીસ્સામાં આવતા પરિવારજનોને માટે બજારોમાં ખરીદી માટે ઉમટી પડ્યા હતા અને ધૂમ ખરીદી કરી હતી. આ ખરીદી સ્થાનિક ઉત્પાદનોનીજ બની રહી હતી. જેમા ઈલેક્ટ્રીક ઉપકરણો, રમકડાં, મીઠાઈ, સોનુ- ચાંદી તેમજ દાગીના, કપડા, ઘરની સજાવટનો સામાન, મીઠાઈ, વાસણો, બુટ- ચપ્પલ, માટીના કોડીયા રસોઈનો સામાન, ઈલેક્ટ્રીક સામાન વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ લોકોએ આ માલ સામાનમાં ચીની ઉત્પાદનો ન આવી જાય તેનું ધ્યાન રાખી ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કર્યો હતો. આ વખતે દેશભરમાં રૂપિયા સવા લાખ કરોડનો વેપાર થયો હોવાનું સીએઆઈટી નું કહેવું છે. અને આ કારણે ગ્રામ્ય, જિલ્લા કક્ષાના તેમજ સ્થાનિક સ્તરે તમામ પ્રકારના ઉત્પાદકોને પોતાના ઉત્પાદનો વેચવાની મોટી તક સાંપડી હતી. જે નાનો વેપાર કરનારા માટે પણ સારી આવક બની રહ્યું. તે સાથે ગ્રાહકો અને વેપારી આલમ માટે પણ લાભદાયક વર્ષ રહ્યું તથા આવી ખરીદીને કારણે દેશની અને વેપારી વર્ગની આર્થિક સ્થિતિનુ મોટું બુસ્ટર બની ગયું છે. ટૂંકમાં કોમનમેનના ખીસ્સામા પૈસા આવે તો દેશના બજારો ધમધમી ઉઠે તે સાથે ઉદ્યોગો પણ દોડતા રહે અને સરકારને તો આર્થિક કર લાભ છે જ. !


## વાહનની જાહેર હરાજી

પ્રો. પોલીસ ઈન્સ્પેક્ટર કરજણ પોલીસ સ્ટેશન વડોદરા ગ્રામ્ય દ્વારા વાહન (કુલ ૩૮)ની જાહેર હરાજી તા. ૧૪/૧૧/૨૦૨૧ના રોજ કલાક ૧૧/૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ હરાજીમાં રસ ધરાવતા ઇજારદારોએ હરાજીના સમય પહેલા રૂા. ૫૦૦૦/- રોકડ ડીપોઝીટ ભર્યાથી હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીની શરતો તથા હરાજી કરવાના કુલ ૩૮ વાહનો કરજણ પોલીસ સ્ટેશન ખાતે જોઇ શકાશે. વધુ વિગતો માટે કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા ફોન નં. ૦૨૬૬૬૨૩૨૦૬૦, ૯૮૭૯૮૪૭૧૯૯ ઉપર સંપર્ક કરવો.

હરાજી મંજુર કરવી કે નહિ તેનો અબાધિત અધિકાર પ્રો. પોલીસ ઈન્સ્પેક્ટર કરજણ પોલીસ સ્ટેશન વડોદરા ગ્રામ્યનો રહેશે.

સ્થળ : કરજણ પોલીસ સ્ટેશન

(એમ. આર. ચૌધરી)
પ્રો. પોલીસ ઈન્સ્પેક્ટર
કરજણ પોલીસ સ્ટેશન

તારીખ : ૧૨/૧૧/૨૦૨૧
ફોન નં :૯૯૭૯૮૪૭૧૯૯

(માહિતી-વડો-૯૫૬-૨૧-૨૨)



**COSMOS BANK**
THE COSMOS CO-OP. BANK LTD. (Multistate Scheduled Bank)
Gujarat Regional Office II
Cosmos Bank Bhavan, Opp. Sales India, Income Tax Char Rasta, Ashram Road, Ahmedabad-380 009 Tel 079 27545693-94

The Cosmos Co Op. Bank Ltd.,
Kothipole Branch
7 Kothipole, Raopura, Vadodara-390001
Contact Nos : 0265 2422440 - 42

### જપ્તી કરેલા વાહનની હરાજી (નિયમ ૬(૨) ની જોગવાઈ મુજબ)

નીચે જણાવેલ બાકીદાર વિરૂધ્ધ બેન્કના અધિકૃત અધિકારી એ ધી સીકયુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણાની નોટીસ તા. ૦૨.૦૧.૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ સદર નોટીસમાં જણાવેલ સમય મર્યાદામાં નાણા ભરપાઇ ન થતા અમો અધિકૃત અધિકારી એ નીચે જણાવેલ વાહનનો પ્રત્યક્ષ કબજો કલમ ૧૩(૪) હેઠળ તા. ૦૬-૦૭-૨૦૨૧ ના રોજ લીધેલ છે.
અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારીને મળેલ સત્તા ની રુએ નીચે જણાવેલ કારના વેચાણ માટે ટેન્ડરો /ઓફરો સીલ બંધ કવરમાં મંગાવીએ છીએ.

| બાકીદાર, જામીનદારો અને શાખાનું નામ | ૧૩(૨) માંગણાં નોટીસ અને અત્યાર સુધીની રકમ: તારીખ | બાકી પડતી રકમ | વેચાણ/હરાજી |
|---|---|---|---|
| બાકીદાર : શ્રીમતી સોનલ ગુરમીતસિંહ ગુજરાલ. રહે. : ૧૯, આભાર સોસાયટી, એસ.આર.પટેલ પેટ્રોલ પંપ સામે, નિઝામપુરા, છાણી રોડ, વડોદરા-૩૯૦૦૦૨ જામીનદારો : (૧)શ્રી ગુરમીતસિંહ અવતારસિંહ ગુજરાલ રહે. : ૧૯, આભાર સોસાયટી, એસ.આર.પટેલ પેટ્રોલ પંપ સામે, નિઝામપુરા, છાણી રોડ, વડોદરા-૩૯૦૦૦૨ (૨) શ્રી જીતેન્દ્ર ભીખાજી જાદવ રહે : ૨૦૧, ઘરપુરે એપાર્ટમેન્ટ, કાકા સાહેબ ટેકડા, જમ્બુબેટ, વડોદરા-૩૯૦૦૦૧ શાખા : કોઠીપોળ | ૦૨.૦૧.૨૦૨૦ રૂા. ૪,૦૭,૯૩૫.૯૮ (૩૦-૧૧-૨૦૧૯) ની બાકી રકમ) + આગળનું વ્યાજ, તથા અન્ય ખર્ચ | રૂા.૪,૮૬,૬૨૯.૯૮ તા. ૩૦-૦૬-૨૦૨૧ ની બાકી + આગળનું વ્યાજ, તથા અન્ય ખર્ચ | તારીખ તા. : ૨૯-૧૧-૨૦૨૧ સમય બપોરે ૧૨:૦૦ કલાકે નિરીક્ષણ: તા. : ૨૫-૧૧-૨૦૨૧, સમય બપોરે ૧૨:૦૦ કલાકે થી ૨:૦૦ વાગે સુધી |

-: કબજે લીધેલ વાહન નું વર્ણન :-

| | |
|---|---|
| વાહનનું નામ અને | TATA Tigor XT, 1.2, |
| મોડલ | RTN BS4 |
| રજીસ્ટ્રેશનનું વર્ષ | 2017 |
| બેસવાની મર્યાદા : | 4+1 |
| ચેસીસ નંબર : | MAT629251HKD21593 |
| એન્જીન નંબર : | REVTRN05DSYK17122 |
| રજીસ્ટ્રેશન નંબર : | GJ – 06 – KP -3678 |

| રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઇ.એમ.ડી) |
|---|---|
| રૂા. ૨,૧૦,૦૦૦=૦૦ | રૂા. ૨૧,૦૦૦=૦૦ |

**વાહન હરાજી/વેચાણનું સ્થળ : ધી કોસમોસ કો.ઓ.બેંક લી., વાઘોડીયા રોડ શાખા, ૧૧-૧૨, પારૂલ સોસાયટી, પ્રભાત બસ સ્ટોપ, વાઘોડીયા મેઈન રોડ, વડોદરા-૩૯૦૦૧૯. ફોન નં. ૦૨૬૫-૨૫૧૫૧૧૦, ૨૫૧૨૩૧૧**

શરતો : ૧ ઉપરોક્ત કારનું વેચાણ/હરાજી જેમ છે ત્યાં છે, જે છે તે પ્રમાણે છે, જે છે તે છે વેચાણ કરવામાં આવશે. ૨. વાહનની ઓરીજીનલ આર.સી. બુક બેંક પાસે નથી. ૩. આ હરાજી નોટીસ બેંક ની વેબ સાઈટ www.cosmosbank.com ઉપર અપલોડ કરવામાં આવી છે ૪. નિયમો અને શરતો કોઠીપોળ શાખા તથા વાઘોડીયા રોડ શાખા ઉપર પણ ઉપલબ્ધ છે.
નોંધ : સિકયુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ ના નિયમ ૬(૨) હેઠળ ધીરાણ લેનાર તથા જામીનદારોને ૧૫ દિવસની નોટીસ તરીકે ગણવામાં આવશે.

તારીખ : ૦૯-૧૧-૨૦૨૧
સ્થળ : વડોદરા

ઓથોરાઈઝ ઓફીસર અને ચીફ મેનેજર
ધી કોસમોસ કો. ઓ. બેન્ક લિ., ગુજરાત રીઝનલ ઓફીસ-II


## પોસ્ટ વિભાગની ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકએ બજાજ આલિઆન્ઝ લાઇફ ઇન્સ્યોરન્સ સાથે વ્યૂહાત્મક જોડાણ કર્યું

વડોદરા, ૧૧ : પોસ્ટ વિભાગની ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (આઇપીપીબી) અને બજાજ આલિઆન્ઝ લાઇફ ઇન્સ્યોરન્સ કંપની (બીએએલઆઇસી)એ આજે બેંકના ૬૫૦ શાખાઓ અને ૧૩૬,૦૦૦થી વધારે બેંકિંગ એક્સેસ પોઇન્ટના બહોળા નેટવર્ક દ્વારા ગ્રાહકોને ટર્મ અને એન્યૂઇટી ઉત્પાદનો ઓફર કરવા વ્યૂહાત્મક જોડાણની જાહેરાત કરી હતી. આ જોડાણ ગ્રાહકોને, ખાસ કરીને નબળાં વર્ગોના તથા બેંકની સુવિધાથી વંચિત અને ઓછી સુવિધા ધરાવતા વિસ્તારોમાં રહેતાં ગ્રાહકોને નાણાકીય રીતે સુરક્ષિત અને સક્ષમ બનાવવા સક્ષમ બનાવશે તેમજ પોતાના ગ્રાહકોને મૂલ્ય સંવર્ધિત ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડવાના આઇપીપીબીના ઉદ્દેશને સુસંગત છે. આ જાહેરાત વર્ચ્યુઅલ પ્રેસ મીટમાં થઈ હતી, જેમાં પોસ્ટ વિભાગના એફએસ અને પીબીઆઈના ડીડીજી પવન કુમાર સિંઘ, ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના એમડી અને સીઇઓ જે વેંકટરામુ અને બજાજ આલિઆન્ઝ લાઇફ ઇન્સ્યોરન્સના એમડી અને સીઇઓ તરુણ ચુગ ઉપસ્થિત રહ્યાં હતાં. બજાજ આલિઆન્ઝ લાઇફ સ્માર્ટ પ્રોટેક્ટ અને બજાજ આલિઆન્ઝ લાઇફ ગેરન્ટેડ પેન્શન ગોલ ટર્મ અને એન્યૂઇટી ઉત્પાદનો છે, જે આ વ્યૂહાત્મક જોડાણના ભાગરૂપે ઓફર થશે. બજાજ આલિઆન્ઝ લાઇફ સ્માર્ટ પ્રોટેક્ટ ગોલ વિસ્તૃત અને મૂલ્ય-સંવર્ધિત ટર્મ વીમા યોજના છે, જે કુટુંબની આજીવિકા સમાન વ્યક્તિનું અકાળે અવસાન થવાના કિસ્સામાં પરિવારને તાત્કાલિક નાણાકીય ટેકો આપે છે. બજાજ આલિઆન્ઝ લાઇફ ગેરન્ટેડ પેન્શન ગોલ એન્યૂઇટી પ્લાન છે, જેનો ઉદ્દેશ નિવૃત્તિ પછીના ખર્ચાઓ પૂર્ણ કરવાનો છે, કારણ કે આ વ્યક્તિ જીવિત હોય ત્યાં સુધી ગેરન્ટેડ અને ફિક્સ્ડ નિયમિત આવક ઓફર કરે છે. આ બંને યોજનાઓ પોસ્ટ વિભાગના હાલનાં પીએલઆઇ (પોસ્ટલ લાઇફ ઇન્સ્યોરન્સ) અને આરપીએલઆઇ (રુરલ પોસ્ટલ લાઇફ ઇન્સ્યોરન્સ) ઉત્પાદનો ઉપરાંત ગ્રાહકો માટે ઉપલબ્ધ થશે.આ જોડાણ વિશે પોસ્ટ વિભાગના સેક્રેટરી વિનીત પાંડેએ કહ્યું હતું કે, સાથે સાથે તેમના લાંબા ગાળાની નાણાકીય જરૂરિયાતો પૂર્ણ કરવા આ ટર્મ અને એન્યૂઇટી વીમાયોજનાનો લાભ પણ લઈ શકે છે. ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના એમડી અને સીઇઓ જે વેંકટરામુએ કહ્યું હતું કે, નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરવાની અને અનપેક્ષિત તબીબી કટોકટીઓ પૂર્ણ કરવાની જરૂરિયાતને સારી રીતે પૂર્ણ કરતો જીવન વીમો હાલ મહત્વપૂર્ણ માધ્યમ બની ગયો છે. આઇપીપીબી એના ગ્રાહકોને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બિમા યોજના ઓફર કરે છે, જે સરકારના તમામ નાગરિકને સામાજિક સુરક્ષા પ્રદાન કરવાના અને વંચિત અને નબળા વર્ગો માટે વાજબી દરે વીમો પ્રદાન કરવાના અભિયાનને સુસંગત છે. આ ટર્મ અને એન્યૂઇટી વીમા યોજનાઓ સાથે બજાજ આલિઆન્ઝ લાઇફ સાથે અમારું સફળ જોડાણ વધ્યું છે. બેંકિંગ એક્સેસ પોઇન્ટ તથા ગ્રામીણ ડાક સેવક અને પોસ્ટમેનનાં અમારા મજબૂત નેટવર્ક દ્વારા અમે અમારા ગ્રાહકોને વિસ્તૃત નાણાકીય સમાધાનો પ્રદાન કરવા કટિબદ્ધ છીએ. બજાજ આલિઆન્ઝ લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીના એમડી અને સીઇઓ તરુણ ચુગે કહ્યું હતું કે, અમે લોકોને તેમના જીવનના લક્ષ્યાંકો પાર પાડવા સક્ષમ બનાવવા કામ કરતાં હોવાથી અમને આઇપીપીબી અને પોસ્ટ વિભાગ સાથે જોડાણ કરવા પર ગર્વ છે, જેઓ લાખો ગ્રાહકો માટે વિશ્વસનિય પાર્ટનર્સ છે. આ અમારા માટે નવું સીમાચિહ્ન છે, કારણ કે અમે આઇપીપીબી અને પોસ્ટ વિભાગના બહોળા નેટવર્ક દ્વારા ગ્રાહકોને મૂલ્ય-સંવર્ધિત ઉત્પાદનો ઓફર કરનાર પ્રથમ જીવન વીમાકંપની છીએ.

અમને ખાતરી છે કે, આ જોડાણ ગ્રાહકના વિવિધ સેગમેન્ટમાં જીવન વીમાની સ્વીકાર્યતા વધારવા અસરકારક ભૂમિકા ભજવશે. અમારી ટેક-સક્ષમ સેવાઓ આ ક્ષેત્રમાં અને ખાસ કરીને અમારી સાથે ગ્રાહકને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવા સતત વિકસાવવામાં આવશે.

## વિશ્વરાજ સુગરને ઇથેનોલના નાણાકીય વર્ષ ૨૩માં રૂ. ૫૫૦ કરોડનું ટર્નઓવર થવાની અપેક્ષા

વિશ્વરાજ સુગર ઇન્ડસ્ટ્રીઝ (વીએસઆઇએલ), અગ્રણી ખાંડ અને ઇથેનોલ ખેલાડીએ જણાવ્યું હતું કે ડિસેમ્બરથી શરૂ થતા માર્કેટિંગ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઇથેનોલના ભાવમાં રૂ. ૧.૪૭ પ્રતિ લિટર સુધીનો વધારો કરવાના સરકારના નિર્ણયથી કંપનીને ફાયદો થશે અને નાણાકીય વર્ષ ૨૩માંકર્ણાટકમાં તેનું ૧૦૦ KLPD ઇથેનોલ યુનિટ કાર્યરત થશે ત્યારે કંપનીનું વેચાણ રૂ. ૫૨૦-૫૫૦ કરોડને સ્પર્શે તેવી અપેક્ષા છે, તેમકંપનીના ટોચના અધિકારીએ અહીં પત્રકારોને જણાવ્યું હતું. સરકારે તાજેતરમાં ૧લી એપ્રિલ ૨૦૨૩ સુધીમાં ૨૦ ટકા ડોપિંગ હાંસલ કરવાના લક્ષ્યાંકના ભાગરૂપેડિસેમ્બરથી શરૂ થતા માર્કેટિંગ વર્ષ ૨૦૨૧-૨૨ માટે પેટ્રોલમાં મિશ્રણ કરવા માટે શેરડીમાંથી કાઢવામાં આવેલા ઇથેનોલના ભાવમાં લિટર દીઠ રૂ. ૧.૪૭ સુધીનો વધારો કર્યો છે.શેરડીના રસમાંથી કાઢવામાં આવતા ઇથેનોલની કિંમત ડિસેમ્બર ૨૦૨૧થી શરૂ થતા સપ્લાય વર્ષ માટે વર્તમાન રૂ. ૬૨.૬૫ પ્રતિ લિટરથી વધારીને રૂ. ૬૩.૪૫ પ્રતિ લિટર કરવામાં આવી છે. સી-હેવી મોલાસીસમાંથી ઇથેનોલનો દર હાલમાં રૂ. ૪૫.૬૯ પ્રતિ લિટરથી વધીને રૂ. ૪૬.૬૬ પ્રતિ લિટર અને બી-હેવીમાંથી ઇથેનોલનો દર રૂ. ૫૭.૬૧ પ્રતિ લિટરથી વધીને રૂ. ૫૯.૦૮ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે.ખાંડના ઉત્પાદનને મર્યાદિત કરવા અને ઇથેનોલનું સ્થાનિક ઉત્પાદન વધારવા માટેસરકારે બહુવિધ પગલાં લીધાં છે, જેમાં ઇથેનોલ ઉત્પાદન માટે બી હેવી મોલાસીસ, શેરડીનો રસ, ખાંડ અને ખાંડની ચાસણીને ડાયવર્ઝન કરવાની મંજૂરી આપવામાં આવી છે. ખાંડના મક્કમ ભાવ અને ઇથેનોલના ભાવ વધારાને પગલેવીએસઆઇએલનું વેચાણ ટર્નઓવર નાણાકીય વર્ષ ૨૧માં રૂ. ૪૨૭ કરોડની સરખામણીમાં નાણાકીય વર્ષ ૨૨માં રૂ. ૪૮૦-૫૦૦ કરોડ અને નાણાકીય વર્ષ ૨૩માં રૂ. ૫૫૦ કરોડને સ્પર્શે તેવી અપેક્ષા છે, -તેમ વીએસઆઇએલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મુકેશ કુમારે જણાવ્યું હતું. અમારી વિસ્તરણ યોજનાઓના ભાગરૂપે, અમે કર્ણાટકના બેલગામ જિલ્લામાં રૂ.૧૫૦ કરોડના અંદાજિત ખર્ચે ૧૦૦ KPLDઇથેનોલ ક્ષમતા ધરાવતું ડિસ્ટિલરી યુનિટ સ્થાપી રહ્યા છીએ.ઇંધણની વધતી માંગને જોતા, અમે આ વર્ષે ૧ ડિસેમ્બરથી શરૂ થતા નવા કરારમાં સરકાર દ્વારા ઇથેનોલ માટે લગભગ રૂ. ૨-૩ પ્રતિ લિટરના ભાવ વધારાની અપેક્ષા રાખીએ છીએ. તેમ કુમારે વધુમાં જણાવ્યું. કંપનીએ કર્ણાટકમાં એક ડિસ્ટિલરી સુવિધા સાથે ગ્રીનફિલ્ડ સુગર ફેક્ટરી સ્થાપવા માટે રૂ. ૨૫૦ કરોડની વિસ્તરણ યોજના પણ તૈયાર કરી છે જેના માટે તેણે પર્યાવરણ મંજૂરી માટે અરજી કરી હતી. ખાંડ અને ઇથેનોલ બંનેના ભાવ સ્થિર રહેવાની ધારણા છે. સ્થાનિક બજારમાં બજારના બળને કારણે ખાંડના ભાવમાં વધારો થયો છે.

## આધુનિક કીટનાશક રસાયણોની કાર્યપદ્ધતિમાં વિવિધતા વિશે જાણો

એકદમ સીધી સાદી ભાષામાં આપણે જેને જીવાત (કીટક) તરીકે ઓળખીએ છીએ તેના નિયંત્રણ માટે વિવિધ પ્રકારના કીટનાશક રસાયણો (ઈન્સેકટીસાઈડ) વપરાય છે. આ કીટકનાશક રસાયણો કીટકના શરીરના કાર્યરત જુદા જુદા તંત્ર જેવા કે ચેતાતંત્ર, પાચનતંત્ર, શ્વસનતંત્ર, પ્રજનને તંત્ર, રુધિરાભિસરણ તંત્ર અને ઉત્સર્જન તંત્રના કાર્યમાં સીધી કે, આડકતરી રીતે અડચણ ઉભી કરી તેના કાર્યમાં વિશેષ પાડે છે. આમ થતા કીટના જીવનકાર્યમાં મુશ્કેલી ઉભી થાય છે. જેને પરિણામે ધીરે ધીરે કીટકની વસ્તીમાં ઘટાડો જોવા મળે છે. કૃષિ ક્ષેત્રે શરૂઆતમાં જે કંઈ કીટનાશક રસાયણો (કલોરીનેટેડ હાઈડ્રોકાર્બન), ઓર્ગેનોફોસ્ફેટ, કાર્બમેટ અને સિન્થેટિક પાયરેથ્રોઈડ) વિકસાવવામાં આવ્યા તે મોટે ભાગે કીટકના ચેતાતંત્ર પર અસર ઉપજાવી તેનો નાશ કરવા માટે જવાબદાર હતા. ખાસ કરીને આર્ગેનોફોસ્ફેટ અને કાર્બનેટ જુથના જીવાતના ચેતાતંત્રમાં થતાં સંદેશાવહન માટે જરૂરી એવા ખાસ પ્રકારના અંત:સ્ત્રાવ (એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝ)ને બનતા અટકાવતા હતા જેને લીધે કીટકનું મૃત્યું થતુ. આવા કીટનાશક રસાયણો ''એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝ ઈનહિબિટર્સ' તરીકે ઓળખાય છે. કીટ નિયંત્રણ માટે લગભગ ત્રણેક દાયકા સુધી આવા ચીલાચાલુ કીટનાશક રાસયણોનો ઉપયોગ થતો હતો.

ચીલાચાલુ કીટનાશક રસાયણોની નકારાત્મક અસરો ધ્યાનમાં આવતાં છેવટે વૈજ્ઞાનિકોએ એસીના છેવટે વૈજ્ઞાનિકોએ એસીના દાયકામાં તમાકુમાંથી મળતા નિકોટીન તત્વ આધારીત સિન્થેટિક કીટનાશક રસાયણો બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા અને તેના ફળ સ્વરૂપે 'નિઓનિકોટીનોઈડ'' જુથના કીટનાશક રસાયણો અસ્તિત્વમાં આવ્યા. આ જૂથમાં સમાવેશ થતા રસાયણો ઈમીડાકલોપ્રીડ, થાયામે થોકઝામ, એસીટાસીપ્રીડ, કલોથીયાનીડીન અને થાયાકલોપ્રીડ) ખાસ કરીને ચૂસિયા પ્રકારના મુખાગો ધરાવતા કીટકો માટે ભલામણ કરવામાં આવે છે. આવા રસાયણો જયારે કીટના ખોરાક સાથે શરીરમાં દાખલ થાય છે અને ચેતાનંત્રના ખાસ ભાગ (નીકોટીક એસીટાઈલ કોલીન રીસેપ્ટર) પર અસર કરે છે. ફિપ્રોનીલ (ફિનાઈલ પાયરોઝોલ જૂથ) અને એમામેકટીન બેન્ઝાએટ જેવા કીટનાશક રસાયણો ચાવીને ખાનાર કીટકોના નિયંત્રણ માટે રસાયણો ચાવીને ખાનર કીટકોના નિયંત્રણ માટે વપરાય છે. આ રસાયણો કીટકના ચેતાતંત્રમાં આવેલ ગાબા (ગામા એમિનો બ્યુટાઈરીક એસિડ જી.એ.બી.એ.) રીસેપ્ટર પર અને કલોરાન્ટ્રાનીલીપ્રોલ (રાયનાક્ષીપાયર) નામનું રસાયણ કીટના શરીરમાં રહેલ જ્ઞાનતંત્રું અને સ્નાયુઓના કોષોમાં રહેલા રાયનોડાયન રીસેપ્ટર પર અસર



કરે છે. રાયનાક્ષીપાયર અને સાયજીપાયર એ એન્થ્રેનીલેમાઈડ જૂતના કીટનાશક રસાયણો છે. રાયનાક્ષીપાયર જેવું જ અન્ય એક કીટનાશક ફ્લ્યુબેન્ડીયામાઈડ (બેન્જીન ડાય કાર્બોક્ષીમાઈડ જૂથ) કે જે ચાવીને ખાનાર જીવાતો માટે અસરકાર પુરવાર થયેલ છે. જયારે સાયજીવાતોએ ચાવીને અને ચૂસીને ખાનાર એમ બન્ને પ્રકારની જીવાતોના નિયંત્રણ માટે વપરાય છે. આવા રસાયણો જીવાતના સ્નાયુઓમાં આવેલા ખાસ પ્રકારના સંવેદના ગ્રાહ્ય ભાગ (રાયનોડાયન રીસેપ્ટર કેલશ્યમ તત્વના આવન-જાવનનું નિયમન કરે છે. કીટનાશક રસાયણની અસર થતાં કેલશ્યમ તત્વનું સંતુલન ખોરવાય છે. સ્નાયુઓનું સંકોચન-વિસ્તરણ થતુ નથી. પરિણામે કીટક ધીરે ધીરે ખાવાનું બંધ કરે છે. સમય જતા કીટકમાં લકવાના લક્ષણો જોવા મળે છે. તેજ પ્રમાણે એમીટ્રાઝ (ટ્રાયપેન્ટા ડીનાઈન જૂથ) નામનું કીટનાશક ચેતાતંત્રમાં આવેલ અન્ય ખાસ ભાગ (ઓકટોપાઈન રીસેપ્ટર) પર અવળી અસર કરે છે. જેને લીધે કીટકના શરીરમાં સંદેશાવાહનની પ્રક્રિયા ખોરંભે પડે છે. અને છેવટે કીટક મૃત્યુ પામે છે. સ્પીનોસાડનો ઉપયોગ ચાવીને ખાનાર જીવાત અને થ્રિપ્સના નિયંત્રણ માટે થાય છે. કીટકોના ચેતાતંત્રમાં આવેલ ખાસ ભાગ (એસીટાઈલ કોલીન રીસેપ્ટર) પર તેની અસર થતાં અનિચ્છાવર્તી સ્નાયુઓમાં ખેંચતાણ ઉત્પન્ન થાય છે. તે ચેતાતંત્રની કલોરાઈડ ચેનલને પણ અસર કરે છે. જે લકવામાં પરિણામે છે. કીટકનોના શરીરના વિવિધ કોષોમાં રહેલા કણાભસૂત્રો (માઈટોકોન્ડ્રીયા) કે જે એડીનોસાઈન ટ્રાયફોસ્ફેટ (એટીપી)ના ઉત્પાદન માટે અગત્યતા હોય છે અને શકિતનો સ્ત્રોત ગણાય છે. શરીરના જુદા જુદા કોષો માટે તે રાસાયણીક શકિત પુરી પાડે છે. ફેનારઝાકવીન (કથીરીનાશક) અને ફલોરફેનપાયર (કીટનાશક-વ-કથીરીનાશક) જેવા રસાયણનો ઉપયોગ કરતા તે જીવાતના શરીરમાં એટીપીના ઉત્પાદનમાં રૂકાવટ પેદા કરે છે. એટલા માટે જ આવા રસાયણોની મેટી (એમ. ઈ. ટી. આઈ. માઈટોકોન્ડ્રીયલ ઈલોકટ્રોન ટ્રાન્સપોર્ટ ઈનહિબિટર્સ) જૂથમાં સમાવેશ કરવામાં આવે છે.

## વેરાન્ડા લર્નિંગ સોલ્યુશન્સ લિમિટેડએ સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું

વિદ્યાર્થીઓ અને ગ્રેજ્યુએટ્સ વ્યાવસાયિકો અને કોર્પોરેટ કર્મચારીઓને ઓનલાઇન, ઓફલાઇન હાઇબ્રિડ અને ઓફલાઇન બ્લેન્ડેડ ફોર્મેટમાં વિવિધતાસભર અને સંકલિત શૈક્ષણિક સમાધાનો પૂરાં પાડવાના વ્યવસાયમાં સંકળાયેલી વેરાનડા લર્નિંગ સોલ્યુશન્સ લિમિટેડએ સેબીમાં એનું ડીઆરએચપી ફાઇલ કર્યું છે. આઇપીઓમાં વેરાનડા લર્નિંગ સોલ્યુશન્સ લિમિટેડના કુલ રૂ. ૨,૦૦૦ મિલિયનના ઇક્વિટી શેર સામેલ છે (ઓફર). દરેક ઇક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે. કંપની બીઆરએલએમ સાથે ચર્ચા કરીને ચેન્નાઈમાં રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ સમક્ષ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ ફાઇલ કરતાં અગાઉ રોકડ વિચારણા માટે રૂ. ૫૦૦ મિલિયન સુધીના ઇક્વિટી શેરનું પ્રી-આઇપીઓ પ્લેસમેન્ટનો વિચાર કરી શકે છે (પ્રી-આઇપીઓ પ્લેસમેન્ટ). જો પ્રી-આઇપીઓ પ્લેસમેન્ટ હાથ ધરવામાં આવશે, તો બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની ઇક્વિટી શેરનો ભાવ નક્કી કરશે. કંપની મુખ્યત્વે ઓનલાઇન, ઓફલાઇન હાઇબ્રિડ અને ઓફલાઇન બ્લેન્ડેડ લર્નિંગ મોડલ્સ દ્વારા સેવાઓ પ્રદાન કરે છે. તેના ઓફલાઇન હાઇબ્રિડ લર્નિંગ મોડલમાં ઓનલાઇન મૂલ્યાંકનો સાથે ક્લાસરૂમ ટીચિંગ તથા રિકોલ અને રિટેન્શન વધારવા પોતાની રીતે શૈક્ષણિક સામગ્રીની સુલભતા સામેલ છે. કંપનીના ઓફલાઇન બ્લેન્ડેડ મોડલમાં ઓનલાઇન સામગ્રી અને ઓફલાઇન ડિલિવરીનું મિશ્રણ સંકળાયેલું છે, જેમાં સેન્ટર માર્ગદર્શકો પાસેથી વ્યકિતગત માર્ગદર્શના પરંપરાગત ક્લાસરૂમનાં અનુભવ સાથે સંયુકતપણે એલએમએસ સ્ટડી મટિરિયલ્સ પ્રદાન કરે છે, જેમાં વિદ્યાર્થીઓને સહાય માટે દરેક ક્લાસરૂમમાં પ્રતિબદ્ધ માર્ગદર્શક હોય છે. વીએલએસના ઓફલાઇન હાઇબ્રિડ અને ઓફલાઇન બ્લેન્ડેડ લર્નિંગ મોડલ અતિ કાળજીપૂર્વક તૈયાર કરેલી ડિજિટલ સામગ્રી અને ઓનલાઇન મૂલ્યાંકનો સાથે અનુભવી માર્ગદર્શકો પાસેથી વ્યકિતગત માર્ગદર્શનનો પરંપરાગત ક્લાસરૂમનો અનુભવ આપે છે. કંપની આઇપીઓમાંથી પ્રાપ્ત ચોખ્ખા ફંડનો ઉપયોગ આ માટે કરશે: (૧) ઋણની સંપૂર્ણ કે આંશિક પુન:ચુકવણી કે આગોતરી ચુકવણી, (૨) એડ્યુરેકાના એક્વિઝિશનની વિચારણા અને (૩) વૃદ્ધિલક્ષી પહેલો. ઓફરના બુક રનિંગ લીડ મેનેજર સિસ્ટેમેટિક્સ કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ છે. ઇક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઇ અને એનએસઇ પર થશે.


INEOS STYROLUTION
Driving Success. Together.

### INEOS STYROLUTION INDIA LIMITED

**Registered Office :** 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat, India
**Corporate Identity Number (CIN) : L25200GJ1973PLC002436**
**Tel. :** +91 265 2303201, 2303202 **Fax :** +91 265 2303203
**Email :** INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2021**

(INR in Lacs except EPS)

| Sr No | Particulars | Quarter ended on Sep 30, 2021 | Quarter ended on Jun 30, 2021 | Quarter ended on Sep 30, 2020 | Half Year ended on Sep 30,2021 | Half Year ended on Sep 30, 2020 | For the year ended on Mar 31, 2021 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 58,848.37 | 45,472.31 | 39,458.46 | 1,04,320.68 | 51,010.51 | 1,63,148.40 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 12,061.18 | 11,843.47 | 5,506.71 | 23,904.65 | 2,435.84 | 37,607.38 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 12,061.18 | 11,843.47 | 5,506.71 | 23,904.65 | 2,435.84 | 37,607.38 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 9,002.62 | 8,603.08 | 3,584.12 | 17,605.70 | 1,581.61 | 28,021.52 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 8,989.99 | 8,571.82 | 3,570.85 | 17,561.81 | 1,550.06 | 27,948.41 |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | - | - | 87,119.44 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | 51.19 | 48.92 | 20.38 | 100.11 | 8.99 | 159.34 |

**Notes:**
(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on November 12, 2021. The limited review report does not contain any qualification by the statutory auditors.
(2) The above is an extract of the detailed format of the financial results for the quarter and half year ended on September 30, 2021 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com.)

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place : Vadodara
Date : November 12, 2021